**સાયબર ક્રાઈમ પો.સ્ટે.ગુ.ર.નં.૧૧૧૯૧૦૬૭૨૫૦૦૯૫/૨૦૨૫ ગુનાના કામે અરજદાર/આરોપી નીતિનકુમાર સ./ઓ. હિંમતભાઈ હરીભાઈ ઘોઘારી નાઓની જામીન અરજી લગત હુકમ.**

..........................................................................................

(૧) અરજદાર/આરોપીની જામીન અરજી વંચાણે લીધી. કેસ પેપર્સ વંચાણે લીધા. અરજદાર/આરોપી તરફે વિ.વકીલશ્રી તથા સરકારશ્રી તરફે વિ.એ.પી.પી.શ્રીને સાંભળ્યા.

(૨) અરજદાર/આરોપીના વિ.વકીલશ્રીની રજુઆત છે કે, આ કામના અરજદાર/આરોપીને સદરહું ગુનામા ખોટી રીતે સંડોવી દિધેલ છે. ફરીયાદ મુજબનો કોઇ ગુનો કરેલ નથી. અરજદાર/આરોપી તદ્દન નિર્દોષ છે.અરજદાર/આરોપી સામે આક્ષેપીત ગુનામા સાત વર્ષ સુધીની સજાની જોગવાઇ છે. અરજદાર/આરોપી સામે આક્ષેપીત ગુનામા અત્રેની કોર્ટને જામીન મુકત કરવાની સત્તા રહેલ છે. અરજદાર/આરોપીએ આવો કોઇ ગુનો કરેલ નથી. ગુજરાત રાજયના રહીશ છે. અરજદાર/આરોપી કયાંય નાસીભાગી જાય તેમ નથી. નામ.અદાલત ધ્વારા જે કોઇ શરતો ફરમાવશે તે તમામ શરતોનું ચુસ્તપણે પાલન કરશે તેમ જણાવી જામીન અરજી મંજુર કરવા વિનંતી કરેલ છે.

(૩) સરકારશ્રી તરફે વિ.એ.પી.પી.શ્રીએ દલીલ કરતા જણાવેલ છે કે, અરજદાર/આરોપી પ્રથમ દર્શનીય રીતે ગુનામા સંડોવાયેલ છે. સદરહું ગુનાની તપાસ હાલ ચાલુ છે. પુરાવા સાથે ચેડા થવાની શકયતા રહેલ છે. અત્રેની કોર્ટે અગાઉ સહ આરોપીની જામીન અરજી ના-મંજુર કરેલ છે. જે તમામ હકીકત ધ્યાને લઇ હાલની જામીન અરજી ના-મંજુર કરવા વિનંતી કરેલ છે.

(૪) બંને પક્ષોની રજુઆત ધ્યાને લીધી. આ કામના અરજદાર/આરોપી સામે **ધી ઈ.પી.કો. કલમ-૪૦૬, ૪૧૯, ૪૨૦, ૧૨૦(બી) તથા ધી આઈ.ટી. એક્ટ કલમ-૬૬(સી), ૬૬(ડી)** મુજબનાં ગુનાનો આક્ષેપ છે. એફ.આઇ.આર. વંચાણે લેતા આ કામમાં તા.૧૨/૦૪/૨૦૨૪ થી તા.૨૯/૦૪/૨૦૨૪ સુધીના સમયગાળામાં ફરીયાદીને B3 Barings Asia Investment Fund Network

Financial Business School નામના વોટ્સએપ ગૃપમાં એડ કરીને આ વોટ્સએપ ગૃપ તથા એડમીનના ધારક શ્રુતિ શુરી ઠાકુર કે જે પોતે Barings Asia Investment Fund ઈન્વેસ્ટમેન્ટ કંપનીની કર્મચારી હોવાની ફરીયાદીને ખોટી ઓળખ આપી પહેલેથી જ કાવતરૂ રચી ફરીયાદીને સ્ટોક માર્કેટમાં ટ્રેડીંગ કરીને ઈન્વેસ્ટ કરવાથી સારુ એવુ પ્રોફીટ મેળવવાની હકીકત જણાવી એક વેબસાઈટની લીંક મોકલી આપી બનાવટી એપ્લીકેશન ડાઉનલોડ કરાવી તે એપ્લીકેશનના માધ્યમથી સૌપ્રથમ રૂા.૫,૦૦૦/- ઈન્વેસ્ટ કરાવી તેમાં પ્રોફીટ બતાવી ફરીયાદીને વિશ્વાસમાં લઈ વધુ ઈન્વેસ્ટમેન્ટથી વધુ પ્રોફીટ મેળવવાની વાત કરી ફરીયાદીને અલગ અલગ બેંક એકાઉન્ટની ડિટેઈલ્સ આપી તેમાં ઈન્વેસ્ટમેન્ટના નામે કુલે રૂા. ૨૫,૨૪,૦૦૦/- ટ્રાન્સ્ફર કરાવી તેમાંથી અલગ અલગ રકમ મળી કુલે રૂા. ૧૮,૫૭,૯૮૫/- વિડ્રો કરવા દઈ બાકીની રકમ વિડ્રો કરવા સારુ આ શ્રુતિ શુરી ઠાકુર તથા ગૃપના ધારક ટીચરનાએ ફરીયાદીને બીજા ૧૦ લાખ રૂપિયા ટ્રાન્સ્ફર કરવાનુ જણાવી આ વોટ્સએપ ગૃપના મોબાઈલ નંબરના ધારકોએ ફરીયાદીએ ઈન્વેસ્ટ કરેલ રૂા.૬,૬૬,૦૧૫/- પરત નહીં આપી ફરીયાદી સાથે છેતરપીંડી કરેલાનો આક્ષેપ છે. કેસ પેપર્સ તથા ત.ક.અ.શ્રીએ રજુ રાખેલ વાધાં વંચાણે લેતા અરજદાર/આરોપી પ્રથમ દર્શનીય રીતે ગુનામાં સંડોવાયેલ હોવાનુ જણાઈ આવેલ છે. સદરહુ ગુનાની તપાસ હાલ ચાલુ છે. પુરાવા સાથે ચેડા થવાની શકયતા રહેલ છે. અરજદાર/આરોપીની વ્યકિતગત સ્વતંત્રતા પહેલા સમાજમા રહેતા સામાન્ય નાગરીકોનો પણ વિચાર કરવો જરૂરી છે. આજ કાલ આવા ગુના સતત વધી રહેલ છે. અત્રેની કોર્ટે અગાઉ સહ આરોપીની જામીન અરજી ના-મંજુર કરેલ છે.

વધુમાં નામદાર સર્વોચ્ચ અદાલત દ્વારા રાકેશ મિત્તલ વિ.અજયપાલ ગુપ્તા, ૨૦૨૬ INSC 1611 માં પ્રસિદ્ધ થયેલ ચુકાદામાં નીચે મુજબનું અવલોકન કરેલ છે કે, Neeru Yadav vs. State of Uttar Pradesh and another, (2014) 16 SCC 508 and Sudha Singh vs. State of Uttar Pradesh and another, (2021) 4 SCC 781, માં ઠરાવેલ સિદ્ધાંતો ધૃણાસ્પદ અને હિંસક ગુનાઓના કિસ્સાઓમાંથી ઉદભવેલ કેસોમાં સાક્ષીઓને સંભવિત ધમકીઓ અને કાયદો અને વ્યવસ્થાની

પરિસ્થીતિ ઉભી થવા સંભવ હોય તેવા કિસ્સામાં જામીન મંજુર કરવા સામે સંયમ જાળવવા જણાવે છે, પરંતુ આ જ સિદ્ધાંતો નાણાંકીય છેતરપીંડીના કેસમાં પણ સમાન રીતે લાગુ પડે છે. નામદાર સર્વોચ્ચ અદાલતે નીચે મુજબનું અવલોકન તેમના હુકમના પેરા−૧૯ માં કરેલ છે,

19. Though the observations made in soe of the above cases were in the context of heinous offences, which is not the case presently, we may note that the value of life and liberty of members of socitey is not limited only to their "person" but would also extend to the quality of their life, including their economic well−being. In offences of a pecuniary nature, where innocent people are cheated of their hard−earned monies by conmen, who make it their life's pursuit to exploit and feast upon the gullibility of others, the aforestated factors must necessarily be weighed while dealing with the alleged offenders' pleas for grant of bail. આમ, અરજદાર/આરોપીએ ગુનામાં ભજવેલ ભાગ, ગુનાની ગંભીરતા તથા સજાની જોગવાઇ ધ્યાને લેતા બી.એન.એસ.એસ.૨૦૨૩ ની કલમ−૪૮૦ અન્વયેની વિવેકબુધ્ધિની સત્તાઓ અરજદાર/આરોપીની તરફેણમાં વાપરવી યોગ્ય જણાઇ આવતી ન હોય નીચે મુજબનો હુકમ કરવામા આવે છે.

**−:: હુકમ ::−**

હાલની જામીન અરજી **ના−મંજુર** કરવામા આવે છે.

− હુકમ આજ રોજ ખુલ્રી અદાલતમાં વાંચી, સંભળાવી, મારી સહી કરી જાહેર કર્યો.

તા.૧૩/૦૩/૨૦૨૬
સ્થળ:અમદાવાદ

**(દિલીપકુમાર વી.પટેલ)**
૩જા એડી.ચીફ જયુડિશ્યલ મેજીસ્ટ્રેટ
કોર્ટ નં.૧૧,અમદાવાદ શહેર.
જજ કોડ નં.જી.જે.૦૦૯૨૫.